


પાર્કનું 22મીએ વડાપ્રધાનના હસ્તે ખાતમુહૂર્ત થવા જઈ રહ્યું છે ત્યારે નવસારીમાં તૈયારીઓનો ધમધમાટ

# પાર્ક 3 લાખથી વધુની રોજગારી સર્જશે

## નવસારીના વાંસી-બોરસી ગામે સ્થાપિત થનાર પીએમ મિત્રા પાર્કના સ્થળની મુલાકાત લઈ નવસારી જિલ્લા કલેક્ટરે દિવસભર બેઠકો અને ચર્ચાઓનો દૌર જારી રાખ્યો: સમગ્ર તંત્ર ખડેપગે



નવસારી: 22મી તારીખે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પીએમ મિત્રા પાર્કનું ખાતમુહૂર્ત માટે નવસારી આવી રહ્યાં છે જેના પગલે નવસારીનું વહીવટીતંત્ર ધમધમી ઉઠ્યું છે. નવસારી કલેક્ટરની આગેવાનીમાં દિવસભર તૈયારીઓનો દૌર અને બેઠેકોનો ધમધમાટ ચાલે છે. આ ખાતમુહૂર્તના પગલે સમગ્ર તંત્ર પીએમના આગમનની તૈયારીમાં વ્યસ્ત છે, બીજી તરફ અહીં ઊભા થનાર પીએમ મિત્રા પાર્કના પગલે 3 લાખ કરતાં વધુ રોજગારીની તકો ઊભી થવાની સંભાવના જોવાઈ રહી છે. એક તરફ નવસારી મહાનગરપાલિકા બનવા જઈ રહી છે અને સાથે સાથે અહીં આવનારા દિવસોમાં શરૂ થનાર પીએમ મિત્રા પાર્કના કારણે નવસારી અને તેની આસપાસના વિસ્તારમાં રોજગારીની વિપુલ તકોનું નિર્માણ થવા જઈ રહ્યું છે. જેના પગલે અહીં મેગા પ્રોજેક્ટ્સ અને રોકાણકારો ખેંચાઈ આવે તેવી શકયતા નકારી શકાતી નથી.

ઉલ્લેખનિય છે કે પીએમ મિત્રા (પ્રધાનમંત્રી મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ રિજન એન્ડ એપેરલ) પાર્ક યોજના એ ભારત સરકાર દ્વારા ભારતના કાપડ ક્ષેત્રમાં ક્રાંતિ લાવવા માટે એક મોટું પગલું છે. નવસારીનાં જલાલપોર તાલુકાના વાંસીબોરસીમાં નિર્માણ પામનારા મેગા ઈન્ટીગ્રેટેડ ટેક્સટાઈલ રિજનલ એન્ડ એપરલ પાર્કગુજરાત, તમિલનાડુ, તેલંગાણા, કર્ણાટક, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા મુખ્ય રાજ્યોમાં સ્થાપિત કરવામાં આવનાર છે ત્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારે 462.75 હેક્ટરમાં ફેલાયેલા નવસારીના વાંસી-બોરસી ગામમાં પીએમ મિત્ર પાર્કની સ્થાપના માટે ભારત સરકાર સાથે સફળતાપૂર્વક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. અને હવે વાંસી-બોરસી ગામે આગામી 22મી ફેબ્રુઆરીએ વડાપ્રધાન ખાતમુર્હુત કરવામાં આવનાર છે. જેથી અહીં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. નવસારી જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રે, નવસારી જિલ્લા વિકાસ અધિકારી પુષ્પ લતા, જિલ્લા પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલ સહીત તંત્રના પીએમ કાર્યક્રમના વિવિધ સમિતિના અધિકારીઓએ વાંસી-બોરસી ખાતેના કાર્યક્રમની સ્થળ મુલાકાત લીધી હતી. અને સ્થળ પર અધિકારીઓ સાથે કાર્યક્રમ સંદર્ભે ઉપયોગી માહિતી તેમજ જરૂરી વ્યવસ્થાની ચર્ચા કરી હતી.





### કલેક્ટરે સ્થળ પર બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, હેલિપેડ સહિતની કામગીરીની સમીક્ષા કરી

સ્થળ મુલાકાત દરમિયાન કલેક્ટર ક્ષિપ્રા આગ્રેએ બેઠક વ્યવસ્થા, પરિવહન, પાર્કિંગ, હેલિપેડ સ્થળ અને કોન્વોયની કામગીરી તથા ઉપસ્થિત રહેનાર લોકો માટે સુવિધાઓ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. સાથે જ મેડિકલ ટીમ, આનુંષાગિક વ્યવસ્થા સહિતના મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. ઉપરાંત સમગ્ર કાર્યક્રમનું સુચારુ આયોજન અર્થે કમિટીના અધિકારીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સ્થળ મુલાકાત પહેલા નવસારી જિલ્લા કલેક્ટર કચેરી સ્થિત સભાખંડ ખાતે ગાંધીનગરના સચિવો સાથેની વિડીયો કોન્ફરન્સમાં નવસારી જિલ્લાના અધિકારીઓ તથા નવસારી જિલ્લાના વિવિધ વિભાગોના વડાઓ હાજર રહ્યા હતા. આ સંભવિત કાર્યક્રમના સુચારુ આયોજન અંગે સંબંધિત મુદ્દાઓ સાથે વિગતવાર તૈયારીઓ અંગે ચર્ચા કરી હતી.

### પીએમ મિત્રા પાર્ક ગુજરાતની અર્થવ્યવસ્થામાં વધારો કરશે

પીએમ મિત્રા પાર્ક ટેક્સટાઇલ વેલ્યુ ચેઇનને એકીકૃત કરશે. સ્પિનિંગ અને વીવિંગથી માંડીને ડાઈંગ, પ્રિન્ટિંગ અને ગાર્મેન્ટ મેન્યુફેક્ચરિંગ સુધી બધું એક જ સ્થાને રાખવામાં આવ્યું છે. પીએમ મિત્ર પાર્ક 3 લાખથી વધુ લોકોને રોજગારી મળશે. જે ગુજરાતની અર્થવ્યવસ્થામાં નોંધપાત્ર વધારો કરશે. સ્થાનિક હકારાત્મક અસરો ઉપરાંત, આ ભારતના કાપડ ઉદ્યોગની સ્પર્ધાત્મકતા વધારશે અને વૈશ્વિક રોકાણકારોને આકર્ષિત કરશે.

### ઈન્ટિગ્રેટેડ પાર્કમાં 10 હજાર કરોડથી વધુના રોકાણની શક્યતા, વાર્ષિક 25થી 30 હજાર કરોડના કાપડનું ઉત્પાદન થશે

નવસારીમાં બનાવવામાં આવનાર પાર્કમાં 'પ્લગ-એન્ડ-પ્લે' ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ હશે. જે રાજ્યના દરિયાઈ વેપારને વધારશે અને ગુજરાતની નિકાસ પર અસર કરશે. નવસારીમાં પીએમ મિત્ર પાર્કનો વિકાસ બે તબક્કામાં થશે. પહેલા તબક્કામાં સીઈટીપી અને ટર્શરી ટ્રીટમેન્ટ સાથે 404 હેક્ટરમાં જીનીંગ, સ્પિનિંગ, ગાર્મેન્ટિંગ, ટેક્નિકલ ટેક્સટાઇલ અને વીવિંગ એકમોનો સમાવેશ થાય છે. બીજા તબક્કામાં સીઈટીપી અને ડીપ-સી ડિસ્ચાર્જ સાથે 58 હેક્ટરથી વધુના ડાઈંગ અને પ્રિન્ટિંગ એકમોનો સમાવેશ થાય છે. આ ઈન્ટિગ્રેટેડ પાર્કમાં 10 હજાર કરોડથી વધુના રોકાણોની શક્યતા છે. જેના કારણે વાર્ષિક 25 થી 30 હજાર કરોડના કાપડનું ઉત્પાદન થશે.

### PM MITRA પાર્કને હજીરા બંદરની સુવિધાજનક એક્સેસ

સુરતથી માત્ર 55 કિલોમીટર અને સુરત એરપોર્ટથી 66 કિલોમીટર અંતરે આવેલા PM MITRA પાર્કને હજીરા બંદરની સુવિધાજનક એક્સેસ છે. આ પાર્ક નવસારી રેલવે સ્ટેશન સાથે પણ સારી રીતે જોડાયેલો છે, જે માત્ર 19 કિલોમીટર દૂર છે. પાર્કની અસાધારણ કનેક્ટિવિટી સૂચિત ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC) દ્વારા મુંબઈ અને દિલ્હી જેવા મોટા શહેરો સુધી જોડે છે, જે તેની એક્સેસિબિલિટી અને લોજિસ્ટિકલ ફાયદાઓને વધારશે.

# તસ્કરોએ ભગવાનને પણ ન છોડ્યા : ચાંદીની મૂર્તિઓ, પાટલો અને દીવો ચોરી ગયા

**કરવડના** ઘરમાં પુત્રએ કંઈક ખખડવાનો અવાજ સાંભળ્યો અને પિતાને જાણ કરી પણ ઉંદર-બિલાડી હશે તેમ સમજી સૂઈ ગયા

વાપી : વાપી નજીકના કરવડમાં તસ્કરોએ ભગવાનને પણ છોડ્યા ન હતા. પૂજા રૂમમાં મૂકેલી ચાંદીની મૂર્તિઓ, ચાંદીનો પાટલો તથા ચાંદીનો દીવો ચોરી કરી ગયા હતાં. ઘરમાં મૂકેલા સીસીટીવી કેમેરામાં 3 તસ્કર નજરે પડ્યા હતાં.

વાપી નજીકના કરવડ, નેવટી ફળિયામાં દેવેન્દ્ર લલ્લુ પટેલ (ઉ.49) પરિવાર સાથે રહે છે અને તેઓ ગામના સરપંચ છે. રાબેતા મુજબ પરિવાર જમ્યા બાદ સૂઈ ગયો હતો. રાત્રીના સમયે પુત્રએ ઘરમાં કંઈક ખખડવાનો અવાજ સાંભળ્યો હતો અને પિતા દેવેન્દ્રને જાણ કરી હતી. તે સમયે તેણે કહ્યું હતું કે ઉંદર-બિલાડી હશે તેમ કહી સૂઈ ગયા હતાં. જો કે, મળસ્કે ચારેક વાગ્યાની આસપાસ બેડરૂમમાં કંઈક ઠોકવાનો અવાજ આવતો હોવાથી તેઓ ત્યાં પહોંચી ગયા હતા તે સમયે ત્રણ ઈસમ ભાગી છૂટ્યા હતાં. બેડરૂમમાં તપાસ કરતા પૂજારૂમમાં મૂકેલી ચાંદીની લક્ષ્મી માતાજીની મૂર્તિ, ગણપતિની મૂર્તિ, ચાંદીનો પાટલો અને દીવો ચોરી થઈ ગયા હતા.

# વલસાડથી નારેશ્વરની વાયા ચીખલી, બીલીમોરા, ગણદેવીની બસ શરૂ કરવા માંગ

**અવધૂત** ભક્તોની માંગણી મુખ્યમંત્રી કાર્યાલયે સ્વીકારી એસટી તંત્રને તાકીદ કરતાં હાશકારો

ગણદેવી : વલસાડથી નારેશ્વર જતી બસ કે જે સવારે 11 વાગે ઉપડે છે, તે બસ વાયા ચીખલી-બીલીમોરા-ગણદેવી-સોનવાડી-સાલેજ-નવસારી થઈ નારેશ્વર જાય તેવી માંગ બીલીમોરા, ગણદેવી, સોનવાડી, અમલસાડ, સાલેજ વિસ્તારના અવધૂત ભક્તોએ મુખ્યમંત્રી સમક્ષ કરી છે. આ રજૂઆતને મુખ્યમંત્રી કાર્યાલય તરફથી તુરંત અનુમોદિત કરવામાં આવી અને વલસાડ વિભાગીય નિયામકને આગળની કાર્યવાહી માટે મોકલવામાં આવતાં ટ્રાફિક નહીં મળતો હોવાની સમરી કરી અરજી દફતરે કરી દીધી હતી. પરંતુ મુખ્યમંત્રીએ આ બસ શરૂ કરવા હવે તાકીદ કરી છે અને એની જાણ માંગણીકારોને કરતા માગણીકારોએ આનંદ અનુભવ્યો છે. આ બસ વાયા બીલીમોરા-ગણદેવી-સોનવાડી-સાલેજ-નવસારી થઈ તાકીદે શરૂ થાય તેવી લાગણી ફરી તીવ્ર બની છે.

# વાપી પાલિકાની 340થી વધુ બાકીદારને પ્રોપર્ટી ટેક્સ ભરવા નોટિસ

**વાપી** પાલિકાએ આ નાણાકીય વર્ષમાં 82 ટકા મિલકત વેરો વસુલ કર્યો

**વાપીના** ચલા તેમજ ડુંગરામાં 27 સોસાયટીને પણ નોટિસ આપીને મિલકત વેરો ભરવા તાકીદ

**મિલકત** વેરો ભરવામાં વિલંબ થશે તો પાલિકા સોસાયટીના નળ જોડાણ બંધ કરી દેશે

વાપી : વાપી પાલિકાએ 340થી પણ વધુ બાકીદારને નોટિસ ફટકારીને પ્રોપર્ટી ટેક્સ ભરવા તાકીદ કરી છે. આ ઉપરાંત વાપીના ચલા તેમજ ડુંગરા વિસ્તારમાં 27 સોસાયટીને પણ નોટિસ આપીને મિલકત વેરો ભરવા તાકીદ કરી છે. જો મિલકત વેરો ભરવામાં વિલંબ થશે તો પાલિકા આ તમામ સોસાયટીના નળ જોડાણ બંધ કરી પાલિકાની સેવાઓ બંધ કરવાની પણ તાકીદ કરી છે. વાપી પાલિકાના કુલ 80,000 મિલકત ધારકો પૈકી 82 ટકા મિલકત ધારકોએ તેમનો પ્રોપર્ટી ટેક્સ ભરી દીધો છે. 2023-24 નાણાંકીય વર્ષમાં 24.17 કરોડનો વેરો પાલિકાએ વસુલ કરી લીધો છે. જ્યારે 19.81 કરોડનો વેરો હજી બાકી છે. પાલિકાએ હાલ તો મિલકત વેરો ભરવાનો બાકી હોય તેવી સોસાયટી તેમજ મિલકત ધારકોને નોટિસ આપીને તાકીદે મિલકત વેરો ભરવા જણાવ્યું છે. હાલમાં પાલિકા દ્વારા રીબેટ અને દંડના નિયમ મુજબ ઓક્ટોબર માસથી દર મહિને 1% વ્યાજ લગાડવામાં આવી રહ્યું છે. હવે ફેબ્રુઆરીથી આ વ્યાજ 5% લાગી રહ્યું છે. જ્યારે માર્ચ માસથી આ વ્યાજ 6% લાગુ પડશે. જ્યારે વર્ષ પૂરું થતાં પાછલી બાકી તમામ ઉપર 12% વ્યાજ લાગશે. મિલકત ધારકોને વ્યાજ તેમજ દંડથી બચવા તેમજ મિલકત જપ્તી જેવી કાર્યવાહીથી બચવા તાકીદે મિલકત વેરો ભરવા પાલિકા દ્વારા જણાવાયું છે.



ગીરીશ ભોયે

# ડાંગ જિલ્લાનાં શામગહાનથી આહવાના ધોરી માર્ગ પર લક્ઝરી બસ પલટી ગઇ

**નાસિક્ના** દર્શનાર્થીઓને બિલમાળનાં શિવમંદિરે ઉતારી પરત ગલકુંડ આવી નાઈટ સ્ટે કર્યો હતો

**ખાલી** લક્ઝરી બસ ગલકુંડથી પરત બિલમાળ જવા નીકળી ત્યારે ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા અકસ્માત, ત્રણને ઈજા

સાપુતારા : ડાંગ જિલ્લાનાં શામગહાનથી આહવાને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં ગલકુંડ ગામ નજીકનાં વળાંકમાં ખાલી લક્ઝરી બસ પલટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર ગતરોજ મહારાષ્ટ્રનાં નાસિક તરફથી 40 જેટલા દર્શનાર્થી મુસાફરો લક્ઝરી બસ ન. એમ.એચ.15.ઈ.એફ.0997માં સવાર થઈ ડાંગ જિલ્લાનાં પ્રસિદ્ધ બિલમાળનાં શિવ મંદિરે ગયા હતા. લક્ઝરી બસ ચાલકે દર્શનાર્થીઓને બિલમાળનાં શિવમંદિરે ઉતારી પરત ગલકુંડ આવી નાઈટ સ્ટે કર્યો હતો. આજરોજ વહેલી સવારે ખાલી લક્ઝરી બસ ગલકુંડ થઈ પરત બિલમાળ જવા નીકળી હતી તે દરમ્યાન શામગહાનથી આહવાને જોડતા ગલકુંડ ગામ નજીકનાં વળાંકમાં ચાલક દ્વારા સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા લક્ઝરી બસ ખાડામાં ખાબકી પલટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ડ્રાઈવર અને ક્લીનર સહિત કુલ ત્રણ લોકોને ઈજાઓ પહોંચી હતી. જેઓને આહવા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.


# વાંસદા-ધરમપુર રોડ ઉપર ટેમ્પોની ટક્કર લાગતાં બાઈક સવાર પિતા-પુત્રીનું મોત

**ચાલકે** ટેમ્પો પૂરઝડપે હંકારી બાઇકને ટક્કર મારતા જીવલેણ અકસ્માત સર્જાયો

વાંસદા : **વાંસદા - ધરમપુર રોડ ઉપર આઈસર ટેમ્પો અને બાઈક વચ્ચેના અકસ્માતમાં બાઈક પર સવાર પિતા - પુત્રીનું મોત નિપજ્યું હતું.**

પોલીસ સૂત્રોથી પ્રાપ્ત માહિતી મુજબ વાંસદા તાલુકાના જામલિયા ગામે એચ.પી. ગેસ ગોડાઉનની સામે વાંસદા - ધરમપુર જતા રોડ ઉપર એક આઈસર ટેમ્પો નંબર GJ 5 UU 3167 નો ચાલક અનુક વિનોદભાઈ ગાંવીત (રહે. લીમઝર, પંચાલ ફળિયુ તા. વાંસદા)એ પોતાનો આઈસર ટેમ્પો પૂરઝડપે તેમજ ગફલતભરી રીતે હંકારી લાવી મોટર સાયકલ નં. GJ 26 B 3717 ના ચાલક દીપક સુરેશભાઈ ચૌધરી (ઉં.વ. 43 રહે. અંતાપુર, પેલાડ ફળિયું તા. ડોલવણ જી.તાપી ) ને જોરદાર ટક્કર મારતા જીવલેણ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં મોટર સાયકલ ચાલકની પાછળ બેસેલી તેમની દીકરી મનીષાબેન ચૌધરીને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક ચાલક દીપકભાઈ ચૌધરી બેભાન થઈ જતા તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે વાંસદા કોટેજ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા, જ્યાં તેમનું પણ મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું હતું. આ સમગ્ર બનાવ અંગે મરનારના પુત્ર નિલેશ ચૌધરીએ આઈસર ટેમ્પો ચાલક વિરૂધ્ધ વાંસદા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

# કરવડમાં ઘરના શૌચાલયમાં અજગર દેખાયો



વાપી : વાપીના કરવડમાં ચારેક ફૂટ લાંબો અજગર એક મહિલાના ઘરમાં રસોડા સુધી આવી ગયો હતો. જે જોઈ મહિલાએરસોડાનો દરવાજો બંધ કરી દીધો હતો અને પડોશીઓને આ વાતની જાણ કરી હતી. જે બાદ વાપી એનિમલ રેસ્કયુ ટીમનો સંપર્ક કરતા ટીમે તરત જ સ્થળ પર પહોંચી અજગરનું રેસ્કયુ કર્યુ હતું. જો કે, આ અજગર ઘરમાં નજરે પડ્યો ન હતો. રેસ્કયુ ટીમે ફરીથી તેની શોધખોળ હાથ ધરી હતી. આ રેસ્કયુ ટીમને રસોડાની બાજુમાં આવેલા શૌચાલયમાં તપાસ કરી હતી. જ્યાં આ અજગર શૌચાલયની આઉટલાઈનમાં નજરે પડ્યો હતો.

# વાપીના જૂના ફાટક પાસે સબ-વે નિર્માણની કામગીરી, રેલવે ટ્રેક પર ગડર બેસાડાયા



વાપી : વાપીના જૂના ફાટક પાસે ટ્રેન અડફેટે અનેક લોકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. આ અકસ્માત અટકાવવા માટે વાપી જૂના ફાટક પાસે પૂર્વ-પશ્ચિમ તરફ અવરજવર કરવા માટે રેલવે વિભાગ દ્વારા સબ-વે નિર્માણની કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત મંગળવારે બ્લોકની મંજૂરી મેળવી રેલવે ટ્રેક પર ગર્ડર બેસાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ત્રણથી પણ વધુ મશીનો તથા અનેક કામદારો સહિતની ટીમ ખડેપગે તૈનાત રહી હતી. નિયત સમયમાં રેલવે ટ્રેક પરથી ભારે ભરખમ ગડર ખસેડવામાં આવ્યા હતા અને જ્યાં સબ-વેની કામગીરી ચાલી રહી છે તે સ્થળે મૂકવામાં આવ્યા હતાં. રેલવે બ્લોકને કારણે ટ્રેન વ્યવહારને અસર થઈ હતી.


TIME
TIME TECHNOPLAST LTD.
Bringing Polymers To Life

CIN: L27203DD1989PLC003240
Regd. Office: 101, 1st Floor, Centre Point, Somnath Daman Road, Somnath, Dabhel, Nani Daman, Dadra and Nagar Haveli, Daman and Diu (U.T.) 396 210
Corp. Office: 55, Corporate Avenue, Saki Vihar Road, Andheri (E), Mumbai - 400 072 Website: www.timetechnoplast.com; Email: investors@timetechnoplast.com

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER & NINE MONTHS ENDED 31ST DECEMBER 2023

(₹ In Lakhs)

| S No. | Particulars | Standalone | | | | | Consolidated | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended 31.12.2023 (Unaudited) | Quarter Ended 31.12.2022 (Unaudited) | Nine Months Ended 31.12.2023 (Unaudited) | Nine Months Ended 31.12.2022 (Unaudited) | Year Ended 31.03.2023 (Audited) | Quarter Ended 31.12.2023 (Unaudited) | Quarter Ended 31.12.2022 (Unaudited) | Nine Months Ended 31.12.2023 (Unaudited) | Nine Months Ended 31.12.2022 (Unaudited) | Year Ended 31.03.2023 (Audited) |
| 1 | Revenue from operations | 67,699 | 56,394 | 1,84,544 | 1,57,247 | 2,24,250 | 1,32,465 | 1,12,861 | 3,59,818 | 3,09,706 | 4,28,944 |
| 2 | Net Profit for the period after tax | 4,484 | 2,939 | 10,492 | 7,029 | 11,122 | 9,160 | 6,125 | 21,809 | 15,547 | 21,904 |
| 3 | Total Comprehensive Income | 4,484 | 2,939 | 10,492 | 7,029 | 11,121 | 9,163 | 6,205 | 21,846 | 15,952 | 22,233 |
| 4 | Equity Share Capital (Face Value of ₹ 1 each) | 2,269 | 2,261 | 2,269 | 2,261 | 2,261 | 2,269 | 2,261 | 2,269 | 2,261 | 2,261 |
| 5 | Reserves (excluding Revaluation Reserve) as per Audited Balance Sheet of the previous year | | | | | 1,61,230 | | - | | | 2,24,437 |
| 6 | Earnings Per Share (Face Value of ₹ 1 each) | | | | | | | | | | |
| | a. Basic | 1.98 | 1.30 | 4.64 | 3.11 | 4.92 | 4.05 | 2.71 | 9.64 | 6.87 | 9.69 |
| | b. Diluted | 1.98 | 1.30 | 4.63 | 3.10 | 4.89 | 4.04 | 2.70 | 9.62 | 6.85 | 9.64 |

Notes: The above is an extract of the detailed format of Quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/ Nine Months Financial Results are available on the Stock Exchange websites www.bseindia.com and www.nseindia.com and www.timetechnoplast.com

For TIME TECHNOPLAST LIMITED
Bharat Kumar Vageria
Managing Director (DIN: 00183629)

Place : Mumbai
Date : 12th February 2024



વેલેન્ટાઈન ડે ની ખરીદી માટે પધારો
ભાવ તથા મજુરીમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ
આર.એ.પરીખ જ્વેલર્સ
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા (પૂર્વ) (મો.98255 58181)
સોનાના(916) Hallmark દાગીનાની મજુરી માત્ર 9.90%
એન્ટિક ડિઝાઈન દાગીના મજુરી માત્ર 13.90%
*શરતો લાગુ (10 ગ્રામથી ઉપર)



શાળાનો ઓરડો તોડવા માટેની હરાજીની જાહેરાત

મોજે ઝરી ડુંગરી ફળિયા પ્રાથમિક શાળા તા-વાંસદા જિ. નવસારીના જર્જરીત ઓરડા (૧) એક તોડવા માટેની હરાજીની કાર્યવાહી તા.૨૬/૨/૨૦૨૪ના સોમવારના રોજ બપોરે ૧૨:૦૦ ઝરી ડુંગરી ફળિયા પ્રાથમિક શાળામાં કરનાર છે. તો હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા વેપારી મિત્રોએ હરાજીના દિવસે હાજર રહેવું.
સંપર્ક નંબર-9687005936